ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૧૮ માર્ચ, ૨૦૨૫

## વૃક્ષોથી છવાયેલા ડુંગરાળ વિસ્તારમાં સૌંદર્યથી સુશોભિત પંખીના માળા જેવું નાનકડું ગામ એટલે

# પીપલખેડ




દક્ષિણ ગુજરાતના નવસારી જીલ્લાના વાંસદા તાલુકામાં વાંસદા થી ધરમપુર માર્ગ પર કુદરતના ખોળે વૃક્ષોથી છવાયેલા ડુંગરાળ વિસ્તારમાં અજમલગઢ જેવા ઐતિહાસિક સ્થળની પડખે હરિયાળી ધરતી ઉપર પ્રાકૃતિક સૌંદર્યથી સુશોભિત પંખીના માળા જેવું નાનકડું ગામ એટલે પીપલખેડ

પીપલખેડ ગામન ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ૨૦૧૦૯ જેટલી વસ્તી ધરાવે છે. ૭૪% સાક્ષરતા ધરાવતા ગામમાં ૮૭% પુરુષ અને ૬૧% મહિલા સાક્ષરતા ધરાવે છે. ગામમાં કુલ ૧૧ ફળિયાનો સમાવેશ થાય છે. જેમાં ડુંગરી ફળિયુ, પટેલ ફળિયુ, ખોરી ફળિયુ, ડુંગરપાડા, નવીનગરી, વચલું ફળિયુ, તાડ ફળિયુ, ઉતારા ફળિયુ, માળ ફળ્યું, નાકા ફળિયુ અને કસાડ ફળિયાનો સમાવેશ થાય છે. ગામમાં કુંકણા, ધોડિયા, માહલા, કોળચા, વારલી વગેરે જાતિના લોકો વસવાટ કરે છે. અહીંના લોકોની મુખ્ય ખેતીમાં ડાંગર, શેરડી, લીલા શાકભાજી, કઠોળ વગેરે કરતા જોવા મળે છે. તેમજ ખેડૂતો ખેત મજૂરી, પશુપાલન અને ગૃહ ઉદ્યોગ ઉત્પાદન પ્રક્રિયામાં જોડાયેલા રહે છે. ઘણા એવા ખેડૂતો ગાય, ભેંસ ,બકરા ,મરઘા જેવા પશુધનનું પાલનપોશન થકી પણ સારી એવી આજીવિકા મેળવી રહ્યા છે. ગામમા સાક્ષરતાનું પ્રમાણ સારું હોવાને કારણે ગામમાંથી અનેક એન્જિનિયર, શિક્ષકો, ડોક્ટર થઈ ખૂબજ સારી પોસ્ટ પર ફરજ બજાવી રહ્યા છે. ગામમાં શિક્ષણ, આરોગ્ય, આંગણવાડી, પ્રાથમિક શાળા, વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ, સાયન્સ સેન્ટર સાથેની હાઈસ્કુલ, પાકા રસ્તા જેવા અનેક વિકાસ થી લોકોને સારી સુવિધા મળી રહે છે.

## આસપાસની આસપાસ

### અજમલગઢ : પારસીઓનો પવિત્ર અગ્નિ ઉદવાડા પહેલા અહીં રાખવામાં આવ્યો હતો



પીપલખેડની આસપાસના ફરવા લાયક કે ધાર્મિક મહત્વ ધરાવતા સ્થળની વાત કરીએ તો અજમલગઢની વાત અવશ્ય આવે છે. પીપલખેડથી માત્ર 20 મિનિટના અંતરે અજમલગઢ આવેલો છે. શિવાજીના લશ્કરના સરદારો મહારાષ્ટ્રથી સુરત આવવાના સમયે લશ્કરી દૃષ્ટિએ મહત્વના વ્યૂહાત્મક સ્થળ અજમલગઢમાં રોકાણ કરતા તેવો ઇતિહાસ છે. આ ઉપરાંત અહીં પારસીઓના આતશ બહેરામ (પવિત્ર અગ્નિ) અહીં રાખવામાં આવ્યો હોવાનો પણ ઇતિહાસ છે. પારસીઓ પોતાના ધર્મની રક્ષા અર્થે ઈરાનથી ભારત દેશમાં ગુજરાતના સંજાણ બંદર ખાતે ઉતર્યા હતા અને રાજા જાદીરાણાનાં રાજયમાં આશરો લીધો હતો. પવિત્ર અગ્નિની સ્થાપના બાદ સમય જતાં શાસન બદલાતાં સંજાણથી થોડે દૂર બહારોટના પહાડ ઉપર પવિત્ર અગ્નિ લઈ જવામાં આવ્યો હતો. ત્યાં પણ કટોકતી સર્જાતા પવિત્ર અગ્નિ અહીં અજમલગઢ પહાડ ઉપર વાંસદાના તે સમયના રાજા કિર્તી દેવે આશરો આપ્યો હતો. અહીં પારસીઓના આતશ બહેરામને ઈ.સ. 1405થી 1448 દરમિયાન રાખવામાં આવ્યો હતો ત્યારબાદ ઉદવાડા સ્થાપિત કરવામાં આવ્યો છે. હાલમાં આ સ્થળે તેની પવિત્ર યાદગીરીરૂપે 21 ફૂટ ઊંચા સ્મૃતિ-સ્તંભની સ્થાપના કરવામાં આવેલી છે.

### બાળકો ચિંતા વગર આનંદ માણી શકે તેવો ચેકડેમ પર બનેલો વજ ધોધ



પીપલ ખેડથી આશરે 10 મીનિટના અંતરે જ વજ વોટરફોલ આવેલો છે. તેના ઉપર ચેક ડેમ છે એટલે વરસાદની ઋતુમાં અહીં જવાનો સૌથી શ્રેષ્ઠ સમય છે. અન્ય ધોધ કરતાં આ ધોધ એટલા માટે જુદો પડે છે કે અહીં બાળકો પણ નહાવાની મજા લઇ શકે છે. તે એટલો છીછરો છે કે અહીં બાળકોને કોઇ અકસ્માત થાય તેવો ભય રહેતો નથી. અજમલગઢ જવાના રસ્તા ઉપર જ આ સ્થળ આવે છે. થોડા કલાકો માટે આ શ્રેષ્ઠ સ્થળ ગણી શકાય તેમ છે.

## એલ.આર.કોન્ટ્રાક્ટર વિદ્યાલય પીપલખેડ



કુદરતના ખોળે વૃક્ષોથી છવાયેલા ડુંગરાળ વિસ્તારમાં અજમલગઢ જેવા ઐતિહાસિક સ્થળની પડખે ધરમપુર થી વાંસદા જતા રોડ ઉપર વાંસદાના પીપલખેડ ગામની મધ્યમાં સુર્યના સોનેરી કિરણો અને જંગલની હરિયાળી ધરતી ઉપર શોભતી શ્રી લાલભાઈ રામજીભાઈ કોન્ટ્રાક્ટર વિદ્યાલય પીપલખેડની સ્થાપના ઈ. સ. ૧૯૭૭માં ધોરણ-૮ ના બે વર્ગો અને ૬૮ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ શાળા આજે ધોરણ ૯ થી ૧૨ ના ૧૭ વર્ગો અને આશરે ૮૯૦ વિદ્યાર્થીઓનું સંખ્યાબળ ધરાવે છે. શાળામાં ડુંગરાળ અને જંગલ વિસ્તારના પીપલખેડના આજુબાજુના દશથી પંદર ગામના બાળકો અભ્યાસ માટે આવે છે. સાથે છાત્રાલય હોવાથી ડાંગ, ધરમપુર, કપરાડાના ઉંડા જંગલ વિસ્તારના અતિ પછાત વિસ્તારના બાળકો પણ અહી લાભ મળી રહે છે. શાળાનો વિજ્ઞાન પ્રવાહ જંગલ વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે. જેમાં શાળામાંથી પ્રથમ વર્ગ મેળવી ઉતર્ણી થઈ નામાંકિત ડોકટરો, વકીલો, કુશળ ઇજનેરો, કોલેજના પ્રાધ્યાપકો અને શિક્ષકો બન્યાના ઘણા જીવંત ઉદાહરણો જોવા મળી રહે છે. એલ.આર. કોન્ટ્રાક્ટર વિદ્યાલય શાળાની ડાંગ ખાતે રહેતી ભૂતપૂર્વ વિદ્યાર્થીની કુમારી સરીતા ગાયકવાડ જેમણે ડાંગ એક્ષપ્રેસ તરીકે નામના મેળવી અને દોડવીર બની દુનિયામાં ભારતને સુવર્ણચંદ્રક અપાવ્યો છે. જેમણે પણ ધોરણ-૮ થી ૧૨ સુધીનો અભ્યાસ આજ શાળામાં કર્યો છે. તેમણે આ શાળાની નામની સાથે ગુજરાત અને ભારતનું નામ રોશન કરી ગૌરવવંત વિદ્યાર્થીની બની છે. આ સંસ્થા ઈ. સ. ૧૯૫૩થી ચીખલી, વાંસદાના આદિવાસી વિસ્તારમાં ચાર હાઈસ્કૂલો અને આદિવાસી વિસ્તારોમાં પાંચ છાત્રાલયો ચલાવે છે. જેમાં નવસારી, વલસાડ, ડાંગ, ધરમપુર, કપરાડા જેવા અતિ પછાત વિસ્તારના બાળકો લાભ મળી રહે છે. હાલમાંજ ખેલ મહાકુંભ ૩.૦ જિલ્લા કક્ષાએ એથ્લેટિક્સ દોડમાં પીપલખેડ હાઈસ્કૂલનો ઉત્કૃષ્ટ દેખાવ રહ્યો હતો. જેમાં શ્રી એલ.આર. કોન્ટ્રાક્ટર વિદ્યાલય પીપલખેડ ના ખેલાડી બહેનોએ એથ્લેટિક્સમાં તાલુકા કક્ષાએ ૧૦૦ મી, ૪૦૦ મી, ૮૦૦ મી, અને ચક્રફેકમાં સુંદર કૌશલ્ય સાથે તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી જિલ્લા કક્ષાએ મદ્રેસા હાઈસ્કૂલ નવસારી મુકામે ભાગ લીધો હતો. જિલ્લા કક્ષા ખેલ મહાકુંભમાં પીપલખેડ ની ખેલાડી બહેનોએ એથ્લેટિક્સ દોડમાં રોશની બેન રવિન્દ્રભાઈ. ૧૦૦ મીટર દોડ પ્રથમ, ૨૦૦ મીટર દોડમાં દ્વિતીય સ્નેહલબેન જગદીશભાઈ ૪૦૦ મીટર દોડ તૃતીય, પાયલબેન લાલજીભાઈ ૮૦૦ મીટર દોડ તૃતીય, સ્નેહલબેન દીપકભાઈ ચક્રફેકમાં દ્વિતીય સ્થાન મેળવી જિલ્લા કક્ષાએ શાળાનું નામ રોશન કર્યું હતું. તેમજ જ્ઞાનકુંજ પ્રોજેક્ટ ફેઝ ૫ વાંસદા તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોની તાલીમ પીપલખેડ હાઈસ્કૂલમાં યોજાઈ હતી. જેમાં જ્ઞાનકુંજ સ્માર્ટ ક્લાસ અંતર્ગત ઉપલબ્ધ ઈ કન્ટેન્ટ સોફ્ટવેર અને ટુલ્સના ઉપયોગ તથા સમગ્ર સ્માર્ટ ક્લાસના સંચાલન અને સામાન્ય સમસ્યાઓના નિરાકરણ તેમજ ઇન્ટરનેટ એક્ટિવિટી સુચારુ ઉપયોગ માટે ૮૦ જેટલા શિક્ષકોનો તાલીમ વર્ગ યોજાયો હતો.



### ધી પીપલખેડ સેવા સહકારી મંડળી લિ.

સેવા સહકારી મંડળી લિમિટેડ ખાતે ગ્રામજનોને સરકાર દ્વારા રાહતદરે અનાજ પૂરું પાડવામાં આવે છે. અહીં પીપલખેડ ગામના ૨૦૦૦ હજારથી વધુ લોકો સહિત રવાણીયા અને વાડીચોઢા ગામના લોકોને પણ આજ મંડળી દ્વારા અનાજ પૂરું પાડવામાં આવે છે. આમ સરકાર દ્વારા આપવામાં આવતા અનાજનો ત્રણ ગામના લોકોને લાભ મળી રહે છે.

### સંસ્થાના હોદ્દેદારો

| | |
|---|---|
| કનૈયાભાઈ લાલભાઈ કોન્ટ્રાક્ટર | : પ્રમુખ |
| પરસોત્તમભાઈ મિઠ્ઠલભાઈ પટેલ | : ઉપપ્રમુખ |
| ઉત્તમભાઈ ગોપાળભાઈ પટેલ | : મંત્રી |
| મોહનભાઈ બુધાભાઈ પટેલ | : સહમંત્રી |
| સુરેશભાઈ મણિભાઈ પટેલ | : ટ્રસ્ટી |
| રમણભાઈ ઝીણાભાઈ પટેલ | : ટ્રસ્ટી |
| શુક્કરભાઈ છીબાભાઈ પટેલ | : ટ્રસ્ટી |
| પ્રકાશભાઈ ધીરૂભાઈ પટેલ | : ટ્રસ્ટી |
| શૈલેષભાઈ વસંતભાઈ પટેલ | : આચાર્ય , પીપલખેડ |

સંસ્થાની તમામ પ્રવૃતિઓના હિસાબો નિયમ મુજબ ઓડિટ કરી સંસ્થાની દર વર્ષે નિયમિત વાર્ષિક સાધારણ સભા મળે છે. આ સંસ્થા આદિવાસી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં હોવાથી દાનના પ્રવાહ માટે દાનનો સહયોગ શહેરી વિસ્તારોના દાતાઓ અને સેવાભાવી ટ્રસ્ટોના સહયોગ મેળવી ભૌતિક વિકાસ કરતી આવી છે. આ સંસ્થાની શાળાઓ છાત્રાલયો અને આદિવાસી બાળકોના હિતમાં દાતાઓ ઉદાર હાથે દાન આપી સંસ્થા અને શાળાની પ્રગતિમાં હરહંમેશ સહભાગી બનતા આવ્યા છે.



### વિદ્યાર્થીઓ માટે લાયબ્રેરીની સુવિધા

ગામના વિદ્યાર્થીઓ માટે તંત્ર દ્વારા ઉતારા ફળિયા ખાતે ખૂબજ સુંદર પાકા બાંધકામ વાળી લાયબ્રેરીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ લાયબ્રેરીમાં પીપલખેડ ગામ સહિત વાડીચોંઢા, માંડવખડક, અંકલાછ સુધીના ગામના વિદ્યાર્થીઓ અહી લાયબ્રેરીમાં આવી અનેક વિવિધ પરીક્ષાલક્ષી તૈયારીઓ કરી રહ્યા છે. ઘણા એવા વિદ્યાર્થીઓ છે જે આજ લાયબ્રેરીમાં મહેનત કરી એક્ઝામ પાસ કર્યા બાદ સારી એવી નોકરી અને હોદ્દા પર ફરજ બજાવી રહ્યા છે.

### ખોરી ફળિયાનું ડુબાણમાં જતું નાળું

સહીયાદ્રી કન્યા છાત્રાલય થઈ ખોરી ફળિયા તરફ જતા રસ્તામાં એક લો લેવલ નાળું ( પુલકું ) આવેલ છે. જેની ઊંચાઈ ખૂબ જ ઓછી હોવાના કારણે દર ચોમાસા દરમિયાન આ પુલકા ઉપરથી પાણી ફરી વળતા અહીંથી વાહન વ્યવહાર બંધ થઈ જવા પામે છે અને ગ્રામજનોએ બે કિ.મી જેટલો ચકરાવો લઈ જવું પડે છે. અને તેમાં સમય પણ વધુ વેડફાઈ જાય છે. જેને કારણે આ લો - લેવલ પુલકાને ઊંચો કરવો ખૂબ જ જરૂરી છે.



### ગ્રામ પંચાયત બોડી

**સરપંચ : શાંતાબેન મહેશભાઈ ભોયા**
**ઉપસરપંચ : માહલા શંકરભાઈ ધનજીભાઈ**
**તલાટી કમ મંત્રી : અંકિતાબેન પટેલ**

**ગ્રામ પંચાયત સભ્યો :**

- દેશમુખ ચેતનાબેન મયંકભાઇ
- માહલા ઉમેશભાઈ બાબુભાઈ
- ભોયા લીલાબેન નિલેશભાઈ
- માહલા શંકરભાઈ ધનજીભાઈ
- માહલા દિનેશભાઈ મગનભાઈ
- માહલા કમલેશભાઈ રમેશભાઈ
- ભોયા કંચનબેન નરેશભાઈ
- ગાંગોડા લલીતાબેન કાસુભાઈ

**પીપલખેડ ગામમાં સરપંચનો કાર્યકાળ પૂરો થઈ જતા હાલ વહીવટી કારોબાર ચાલી રહ્યો છે.**

### નિવૃત્ત આચાર્ય સોમભાઈ ડી. પટેલનો શાળાના વિકાસમાં સિંહફાળો



એલ.આર. કોન્ટ્રાક્ટર વિદ્યાલય પીપલખેડ શાળાની સ્થાપના જૂન ૧૯૭૭ માં થઈ હતી. ત્યારબાદ ગ્રામજનોના સહકારથી ધીમી ગતિએ આ શાળા પ્રગતિના પંથે આગળ વધવા લાગી. શાળામાં શરૂઆતમાં ધોરણ ૮ ના ૪ વર્ગ, ધોરણ ૯ ના ૪ વર્ગ, ધોરણ ૧૦ ના ૪ વર્ગ અને ધોરણ ૧૧ - ૧૨ ચાર ચાર વર્ગ આર્ટસના અને સાયન્સના એક - એક વર્ગોની શરૂઆત શાળાના નિવૃત્ત આચાર્ય સોમભાઈ ડી. પટેલના અથાગ પ્રયત્નોથી કરવામાં આવી હતી. આચાર્ય સોમભાઈ ડી. પટેલે તા. ૨૩/૮/૧૯૮૧ થી તા. ૩૧/૧૦/૨૦૦૯ સુધી શાળા ખાતે ફરજ બજાવી હતી. તેઓ પીપલખેડ સહિત આજુબાજુના વિસ્તારમાંથી આવતા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ જ ચિંતિત અને અભ્યાસ અર્થે પ્રાણ ફૂકી દેતા હતા. આચાર્ય સોમભાઇ ડી. પટેલ એસ.એસ.સી બોર્ડની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓના ઘેર ઘેર જઈ વિઝીટ કરતા અને તેમની પરીક્ષા લક્ષી તૈયારીનું નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપતા જેને કારણે શાળાનું ૧૦૦% પરિણામ પણ આવતું. સોમભાઈ ની ગણિત અને વિજ્ઞાન વિષય ભણાવવાની પદ્ધતિ ખૂબ જ સરળ અને વિદ્યાર્થીઓ સારી રીતે સમજી શકે તે પ્રકારની હતી. સોમભાઈ એ શાળાના કમ્પાઉન્ડમાં રહીને પણ લોકોની ખૂબ જ સેવા કરી હતી. તેઓ આ વિસ્તારના આદિવાસી સમાજના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે હંમેશા તત્પર રહેતા. આમ નિઃસ્વાર્થ સેવાભાવી એવા નિવૃત્ત આચાર્ય સોમભાઈ ડી. પટેલને ગ્રામજનો અને આ વિસ્તારના લોકો કદાપણ ભૂલી શકે તેમ નથી.



## પીપલખેડના શહીદો

### શહીદ મહેશભાઈ માહલા



વાંસદા તાલુકાના પીપલખેડ ગામે નાકા ફળિયાના વતની એવા સ્વ. મહેશભાઇ રમેશભાઈ માહલાનો જન્મ તા. ૨/૭/૧૯૭૦ ના રોજ થયો હતો. મહેશભાઈ ૪/૩/૧૯૮૯ ના રોજ બોર્ડર સિક્યુરિટી ફોર્સમાં જોડાયા હતા.૧૪ જૂન, ૧૯૯૪ના રોજ, કોન્સ્ટેબલ (જનરલ ડ્યુટી) મહેશભાઈ માહલા તેમના સાથીદારો સાથે બોર્ડર પોસ્ટ સીતા (મણિપુર), ૮૯ બટાલિયન બોર્ડર સિક્યુરિટી ફોર્સમાં તૈનાત હતા, તે દરમ્યાન R.O.P. માં તેના સાથીદારો સાથે ફરજ પરથી પરત ફરી રહ્યા હતા. ત્યારે સરહદી સુરક્ષા દળની ૪૭ બટાલિયનની બોર્ડર પોસ્ટ સીતા (મણિપુર)થી લગભગ ૫.૫ કિલોમીટરના અંતરે આતંકવાદીઓએ તેમના પર હુમલો કર્યો હતો. જેમાં મહેશભાઈ માહલાને ગોળી વાગવાથી તેઓ ઘટનાસ્થળે જ શહીદ થઇ જવા પામ્યા હતા. અને દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપી દીધું હતું. આમ પીપલખેડ ની જમીન પર જન્મેલ મહેશભાઈ માહલાએ યુવાનીમાજ દેશની સેવામાં શહિદ થઈ ગયા હતા.

### શહીદ રાયલુભાઇ ગાંગોડે



પીપલખેડ ગામના વતની એવા શહીદ સ્વ.રાયલુભાઈ સોનુભાઈ ગાંગોડા જેઓ બાહોશ સ્વભાવ અને સ્પોર્ટસમાં ખૂબ અગ્રેસર રહેતા તેઓએ S.S.C. સુધીનો અભ્યાસ ગામની શાળામાં પૂર્ણ કર્યો હતો. દેશપ્રેમ અને શૌર્યથી સભર તેઓ ૧૯૮૫માં દેશની સેવા માટે સિપાહી તરીકે જોડાયા હતા. જેઓ ૮૭, બટાલીયન CRPF માં ફરજ બજાવતા અગિયાર વર્ષની સેવા વીરતા અને નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા હતા. આ દરમ્યાન તા. ૨૨-૧૧-૧૯૯૫માં જમ્મુ અને કાશ્મીરમાં ફરજ દરમ્યાન તેઓની ટુકડી ઉદમપુર જિલ્લામાં આતંકવાદી સાથેની મુઠભેડ દરમ્યાન CRPF ના જવાનોએ વળતો વાર કર્યો હતો અને જવામર્દીથી લડતા તેઓ આતંકીઓને ભગાડવામાં સફળ રહ્યા હતા. પરંતુ આતંકવાદીઓની સામે ઝઝુમતા તેઓ ગંભીર રીતે ઘાયલ થતા વીરગતિ પામ્યા હતા. તેમના આ દેશ માટેના બલિદાનને શહીદ સન્માન પ્રદાન કરતા આજે પણ ગ્રામજનો ગૌરવની લાગણી અનુભવે છે અને તેમના આ બલિદાનને ગર્વ સાથે હંમેશા યાદ કરતા રહે છે.